### ઉત્તર કાશીની ૧૫૦૦ વર્ષ જૂની શક્તિ પરંપરાનું અંબાજીમાં પુનર્જાગરણ

# અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર સ્થાપિત થશે ૧૬ ફૂટ ઊંચું અને ૬૦૦ કિલો વજન ધરાવતું અખંડ શક્તિ ત્રિશૂલ

ઉત્તરકાશી સ્થિત આશરે ૧૫૦૦ વર્ષ જૂના અખંડ શક્તિ ત્રિશૂલની દિવ્ય પ્રેરણાથી અંબાજીના પ્રખ્યાત ત્રિશૂલિયા ઘાટ ખાતે ૧૬ ફૂટ ઊંચું અને આશરે ૬૦૦ કિલો વજન ધરાવતું દિવ્ય "અખંડ શક્તિ ત્રિશૂલ" સ્થાપિત કરવામાં આવશે. આ સ્થાપના શક્તિ પરંપરાના પુનર્જાગરણનું પ્રતીક બનશે.

આ પવિત્ર કાર્ય શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના માર્ગદર્શન અને સહયોગથી તેમજ જય ભોલે ગ્રુપ અમદાવાદના સેવાભાવી સહકારથી કરવામાં આવી રહ્યું છે. સમગ્ર આયોજન ભક્તિ, શ્રદ્ધા અને સેવા ભાવનાથી કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી મિહિર પટેલના કરકમલે આગામી ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અખંડ શક્તિ ત્રિશૂલને દર્શન માટે ખુલ્લું મુકશે. ભકતજનો આ દિવ્ય ત્રિશૂલના દર્શન આગામી ૨૧ જાન્યુઆરી સુધી બપોરે ૦૩:૦૦ થી સાંજે ૦૮:૦૦ વાગ્યા સુધી કરી શકશે. દર્શન માટે સ્થળ અમદાવાદ એન્જિનિયર્સ, સી- ૧- બી, ૪૩૧૮, રોડ નં. ૪-યુ, ફેઝ-૪, જીઆઈડીસી, વટવા રહેશે.

સ્થાપિત થનાર આ ત્રિશૂલ ઉત્તરકાશીના વિશ્વનાથ મંદિર નજીક ભાગીરથી નદીના કિનારે સ્થિત માતા આદ્યશક્તિના પવિત્ર અખંડ શક્તિ ત્રિશૂલની પ્રતિકૃતિ રૂપે તૈયાર કરવામાં આવ્યું છે. આ ત્રિશૂલ માત્ર એક શિલ્પ નથી, પરંતુ શક્તિ, આસ્થા અને આધ્યાત્મિક ચેતનાનું પ્રતીક છે. દેવી મહાત્મ્ય મુજબ, જ્યારે અસુરોના અત્યાચારથી ત્રિલોક વ્યાકુળ બન્યો ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવના તેજના સંયોજનથી અઢાર ભુજાવાળી આદ્યશક્તિ માતા જગદંબાનું પ્રાગટ્ય થયું હતું. ભગવાન શિવ દ્વારા અર્પિત દિવ્ય ત્રિશૂલથી માતાએ મહિષાસુરનો સંહાર કરી ધર્મ અને સત્યની સ્થાપના કરી હતી.



આ જ દિવ્ય ભાવના અને શક્તિના સંદેશને આધારે અંબાજીમાં આ ત્રિશૂલની સ્થાપના કરવામાં આવી રહી છે. અંબાજીનું ત્રિશૂલિયા ઘાટ ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. આ ઘાટ માતા અંબાજીના દર્શન માટે જતા યાત્રાળુઓના માર્ગ પર આવેલો છે અને અહીં પહોંચવાનો માર્ગ થોડી ચઢાણવાળો તથા પડકારજનક છે. માન્યતા છે કે આ સ્થળ પર માતાની વિશેષ કૃપા અને રક્ષણ શક્તિ વ્યાપેલી છે. ત્રિશૂલિયા ઘાટ પર દિવ્ય ત્રિશૂલની સ્થાપનાથી યાત્રાળુઓમાં આત્મવિશ્વાસ, નિર્ભયતા અને આધ્યાત્મિક શક્તિની ભાવના વિકસે તેવો હેતુ રાખવામાં આવ્યો છે. આથી અંબાજીનો પવિત્ર યાત્રામાર્ગ વધુ આશીર્વાદમય અને સુરક્ષિત બની રહેશે.

આ દિવ્ય ત્રિશૂલની ૧૬ ફૂટ ઊંચાઈ, આશરે ૬૦૦ કિલો વજન, ઉત્તરકાશીના ૧૫૦૦ વર્ષ જૂના અખંડ શક્તિ ત્રિશૂલથી પ્રેરણા અને દેવી મહાત્મ્યના શ્લોકોને આધારરૂપ ભાવના સમાવિષ્ટ છે. આ ત્રિશૂલની સ્થાપના અંબાજીના ત્રિશૂલિયા ઘાટ ખાતે કરાશે. આ ત્રિશૂલની સ્થાપના શક્તિ પરંપરાના પુનર્જાગરણનું પ્રતીક બનશે.

### નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતીઓને મકરસંક્રાંતિ પર્વની હાર્દિક શુભેચ્છા પાઠવી

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સુરતમાં પરિવારજનો સાથે પતંગ ચગાવી મકર સંક્રાંતિની ઉજવણી કરી

### ગુજરાતમાં મકર સંક્રાંતિ માત્ર તહેવાર નથી, પરંતુ સંસ્કૃતિ, પ્રેમ અને આત્મીયતાનો જીવંત અનુભવ છે : નાયબ મુખ્યમંત્રીશ્રી

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સુરતના મગદલ્લા ખાતે પરિવારજનો સાથે પતંગ ચગાવી હર્ષોલ્લાસ સાથે મકરસંક્રાંતિ તહેવારની ઉજવણી કરી હતી. તેમણે પીપલોદ ખાતે ગોવર્ધન હવેલી ખાતે ગૌ માતાને ઘાસ ખવડાવી ગૌપૂજન પણ કર્યું હતું.

મગદલ્લાના રિવુલેટ રેસિડેન્સીના ધાબા પર શ્રી સંઘવીએ પતંગ ચગાવી પેચ લડાવ્યા હતા. સ્થાનિક રહીશોએ 'કાઈપો ચે..'ના હર્ષનાદ સાથે નાયબ મુખ્યમંત્રી સાથે પતંગોત્સવમાં જોડાયા હતા.



રાજ્યની ભાતીગળ ઓળખ, પતંગોના ઉલ્લાસમય પર્વ મકર સંક્રાંતિ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતીઓને હાર્દિક શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, ગુજરાતમાં મકર સંક્રાંતિ માત્ર તહેવાર નથી, પરંતુ સંસ્કૃતિ, પ્રેમ અને આત્મીયતાનો જીવંત અનુભવ છે. આકાશમાં ઉડી રહેલી રંગબેરંગી પતંગો ગુજરાતની જીવંતતા અને ઉત્સવપ્રેમ દર્શાવે છે. પતંગની ડોર આપણને સંતુલન, શિસ્ત અને ધીરજ શીખવે છે.

ઉત્સવ સાથે પારિવારિક ઉજાણીનો ઉલ્લેખ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઉત્તરાયણ પર્વે ઘર-ઘરમાં બનતા ઉંધીયા, તલના લાડુ, ચીકી અને તેના સ્વાદ, પરંપરા અને ભાતીગળ વારસો આપણને યાદ અપાવે છે કે મકર સંક્રાંતિ માત્ર આનંદનો દિવસ નથી, પરંતુ એકતાનું પ્રતિક પણ છે. જેમ ઉંધીયું વિવિધ શાકના મિશ્રણથી સ્વાદિષ્ટ બને છે, તેમ ગુજરાતની બહુરંગી સંસ્કૃતિ અને ઉત્સવોની વિવિધતાથી એકતા અને સદ્ભાવના તાંતણે ગુજરાત મજબૂત અને ગૌરવશાળી બન્યું છે.

### શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી શ્રીમતી દર્શના બહેન વાઘેલાની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ગુજરાત હાઉસિંગ બોર્ડના સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨ના રીડેવલપમેન્ટ થનાર આવાસોનું ભૂમિપૂજન કરાયું



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે મકરસંક્રાંતિના પર્વે નારણપુરા વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા રીડેવલપમેન્ટ થનાર સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨ના આવાસોનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

કેન્દ્રીય મંત્રીશ્રીએ સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨ના રીડેવલપમેન્ટ થનાર આવાસોનું વિધિવિધાનપૂર્વક ભૂમિપૂજન કર્યું હતું અને રીડેવલપમેન્ટના લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ અમીન, નારણપુરાના ધારાસભ્ય શ્રી જીતેન્દ્ર પટેલ, રાજકીય અગ્રણી પ્રેરક શાહ, ડેપ્યૂટી મેયર શ્રી દેવાંગ દાણી, ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેન શ્રી એમ. થેન્નારસન, હાઉસિંગ કમિશનર શ્રી એસ.બી. વસાવા સહિતના અધિકારીશ્રીઓ, સૂર્યા એપાર્ટમેન્ટના રહીશો તથા નારણપુરા વિસ્તારના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિસાવદરના ચાપરડા નજીક ભયાનક અકસ્માતઃ બાઈકચાલકને બચાવવા જતાં કાર ચબૂતરા સાથે અથડાઈ, બેના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના વિસાવદર પંથકમાં આજે (૧૫મી જાન્યુઆરી) એક કાળજું કંપાવી દે તેવી અકસ્માતની ઘટના બની છે. ચાપરડા ગામની સીમમાં એક બેકાબૂ કાર પક્ષીઓના ચબૂતરા સાથે ધડાકાભેર અથડાતા બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે, જ્યારે પરિવારના અન્ય પાંચ સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

મળતી વિગતો અનુસાર, એક પરિવાર કારમાં સવાર થઈને ચાપરડા ગામની સીમમાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન સામેથી એક બાઈકચાલક અચાનક આવી જતાં તેને બચાવવાના પ્રયાસમાં કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પૂરપાટ ઝડપે જતી કાર રસ્તાની બાજુમાં આવેલા પક્ષીઓના ચબૂતરા સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના ખેતરોમાંથી લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. કારનો કુરચો બોલી ગયો હોવાથી અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે સ્થાનિકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અકસ્માતમાં કારમાં સવાર બે વ્યક્તિઓના ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર જ દમ તોડ્યો હતો. અન્ય પાંચ લોકોને લોહીલુહાણ હાલતમાં એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા જ વિસાવદર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### એક નંબર અનેક મદદ

# મોબાઈલમાં ઈન્ટરનેટ ન હોવા છતાં તમારી સેવા માટે હાજર ભારતીય રેલવેની હેલ્પલાઈન નંબર ૧૩૯

મુસાફરોની સુવિધા, સુરક્ષા અને ઝડપી સહાયના હેતુથી ભારતીય રેલવે દ્વારા અખિલ ભારતીય હેલ્પલાઈન નંબર ૧૩૯ સંચાલિત કરવામાં આવી રહી છે. આ હેલ્પલાઈન ૨૪ કલાક, સપ્તાહના તમામ દિવસો મુસાફરો માટે ઉપલબ્ધ છે. તમારા મોબાઈલમાં ઈન્ટરનેટની સુવિધા ન હોય અથવા મોબાઈલમાં નેટવર્ક ન હોય ત્યારે પણ, તમે ૧૩૯ નંબર પર એસએમએસ મોકલીને ભારતીય રેલવેની આ સુવિધાનો લાભ લઈ શકો છો.

એસએમએસ માધ્યમ દ્વારા આ સેવા આ રીતે કાર્ય કરે છેઃ જો તમને તમારી ટ્રેનની વર્તમાન સ્થિતિ જાણવી હોય તો **SPOT** લખીને સ્પેસ આપ્યા બાદ ટ્રેન નંબર લખી ૧૩૯ પર એસએમએસ મોકલો. જો કોઈ ખાસ દિવસની ટ્રેનની વર્તમાન સ્થિતિ જાણવી હોય તો **SPOT** પછી સ્પેસ આપીને ટ્રેન નંબર લખો અને પછી સ્પેસ આપીને **DDMMYY** ફોર્મેટમાં તારીખ લખી ૧૩૯ પર એસએમએસ મોકલો. એ જ રીતે, કોઈ ખાસ દિવસના ખાસ સ્ટેશન પર ટ્રેનની વર્તમાન સ્થિતિ જાણવા માટે **SPOT** પછી સ્પેસ આપીને ટ્રેન નંબર, પછી સ્પેસ આપીને **DDMMYY,** અને ત્યારબાદ સ્પેસ આપીને સ્ટેશન કોડ લખી ૧૩૯ પર એસએમએસ મોકલો. જો તમને કોઈ ટ્રેનનો રૂટ જાણવો હોય તો **ROUTE** પછી સ્પેસ આપીને ટ્રેન નંબર લખી ૧૩૯ પર એસએમએસ મોકલો.

જો કોઈ મુસાફરને ટ્રેનનું નિર્ધારિત આગમન અને પ્રસ્થાન સમય જાણવો હોય તો **AD** પછી સ્પેસ આપીને ટ્રેન નંબર અને ત્યારબાદ સ્પેસ આપીને સ્ટેશન કોડ લખી આ ફોર્મેટમાં ૧૩૯ પર એસએમએસ મોકલો. રેલ મદદ અંતર્ગત રેલ સુવિધા સંબંધિત ફરિયાદ માટે **MADAD** પછી સ્પેસ આપીને તમારા **PNR** નંબર સહિત ફરિયાદનું વર્ણન ૧૩૯ પર એસએમએસ કરો. આ સુવિધા દ્વારા તમે બુક કરેલા પાર્સલની સ્થિતિ પણ જાણી શકો છો-તે માટે **PRR** પછી સ્પેસ આપીને તમારો પાર્સલ રિફરન્સ લખી ૧૩૯ પર એસએમએસ મોકલો.

હેલ્પલાઈન ૧૩૯ દ્વારા મુસાફરો ટ્રેન સંબંધિત પૂછપરછ અને માહિતી, ટિકિટ, રિઝર્વેશન અને રદ્દીકરણ સંબંધિત માહિતી, ટ્રેનની સમયસૂચિ અને લાઈવ રનિંગ સ્ટેટસ, ફરિયાદ નોંધાવવી અને તેની સ્થિતિ જાણવા, આપાતકાળમાં ઝડપી સહાય, સ્વચ્છતા, સુરક્ષા, ખાણીપીણી તથા અન્ય મુસાફર સુવિધાઓ સંબંધિત ફરિયાદો જેવી સેવાઓનો લાભ લઈ શકે છે.

મુસાફરો કોલ, એસએમએસ અથવા મોબાઈલ માધ્યમથી હેલ્પલાઈન ૧૩૯ પર સંપર્ક કરી શકે છે. આ સેવા બહુભાષી છે, જેથી મુસાફરોને પોતાની ભાષામાં સહાય મળે છે.

પશ્ચિમ રેલવેનું વડોદરા મંડળ મુસાફરોને વિનંતી કરે છે કે મુસાફરી દરમિયાન કોઈપણ સમસ્યા, અસુવિધા અથવા આપાત સ્થિતિમાં હેલ્પલાઈન ૧૩૯ નો ઉપયોગ કરો અને સુરક્ષિત તથા સુગમ મુસાફરી સુનિશ્ચિત કરો.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ ભાજપે નવી ફોર્મ્યુલા અપનાવી : જુના આગેવાનોને મેદાનમાં ઉતારાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપ માટે જેમ હિન્દુત્વની પ્રયોગશાળા છે, આજ રીતે ભાજપ માટે ગુજરાતનુ સંગઠન પણ નેતૃત્વની જુદી જુદી શૈલીથી લઈને જુદા જુદા સંયોજનોને અજમાવતી પ્રયોગશાળા છે. અહીં કયારેય કયો પ્રયોગ શરૂ થઈ જાય અને કયો પ્રયોગ પુરો થઈ જાય તે ખબર પડતી નથી. પુર્વ પ્રમુખ સીઆર પાટીલની વાત કરીએ તો તેમના કાર્યકાળમાં પક્ષમાં કામ કરતા વરસો જુના લોકો હાંસિયે ધકેલાઈ ગયા હતા અને નવા લોકો ને જ મહત્વ મળતુ હતુ અને તેમની આ કાર્યશૈલી સફળ પણ રહી હતી,



હવે નવુ નેતૃત્વ જ આવતા પાછી પક્ષમાં કાર્યશૈલી બદલાઈ છે, જુના પ્રદેશ પ્રમુખના નેતૃત્વ હેઠળ પક્ષની અંદર એવી છાપ પડી રહી હતી કે જુના જોગીઓને ખાસ મહત્વ આપવામાં આવી રહ્યુ નથી તેના કારણે પક્ષના જુના જોગીઓ નિષ્ક્રિય થઈ ગયા હતા. પણ હવે ભાજપમાં ફરી પાછુ જુના જોગીઓને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. તેના કારણે જુના આગેવાનો પણ સક્રિય થવા લાગ્યા છે. પક્ષની નવી રચાયેલી ટીમમાં જુના જોગીઓને જે રીતે સક્રિય કરવામાં આવ્યા તેનાથી તેઓને પણ સુઃખદ આંચકો લાગ્યો છે. તેઓને આશ્ચર્ય પણ થયુ છે કે છેવટે પક્ષને તેમના જુના અને વિશ્વાસુ લોકો અને તેમની વિચારધારાને વરેલા લોકો યાદ આવ્યા ખરા ? ગુજરાત ભાજપ પ્રદેશ સંગઠનમાં નવા ઉપપ્રમુખો જાહેર કરવામાં આવ્યા તેમાં ભરત પંડયા જેવા સીનીયર નેતા અને પૂર્વ મંત્રી જયદ્રથસિંહ પરમારનો પણ સમાવેશ કરાયો છે. આ નિમણુંકો પાછી જાતિગત સમીકરણોને પણ ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. તેમાં પણ ચાલુ વરસે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ છે ત્યારે આ નિમણુંકો પક્ષ માટે મહત્વની નિવડી શકે તેમ કહેવાય છે. પક્ષને લાગી રહ્યુ છે કે આ રીતે જુના જોગીઓને સંગઠનમાં મહત્વની ભુમિકા આપવાથી અને તેમની સાથે નવા લોકોને જોડવાથી સંગઠનને વધુ ને વધુ ચેતનવંતુ બનાવી શકાય છે. તેની સાથે આમ આદમી સાથે સોશીયલ મીડીયા જંગમાં ભાજપ પાછળ પડી રહ્યુ છે.

ત્યારે અહીં દમ દેખાડવા માટે અનુભવી આગેવાન તથા સીનીયર પ્રવકતા અનીલ પટેલ અને પ્રશાંતવાળાને ફરીથી મીડીયાની જવાબદારી સોંપવામાં આવી છે. અનુભવી હોવાના કારણે અને વિવિધ મુદ્દાઓ પર સારી પકકડ હોવાને લીધે તેઓ વિપક્ષના પ્રહારોનો સારી રીતે જવાબ આપી શકે છે તેવુ માનવામાં આવે છે. રાજકીય સમીક્ષકો પક્ષના આ પગલાને આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે પક્ષે કમર કસી લીધી હોય તે પ્રકારે જુએ છે. પક્ષ સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા પક્ષની અંદર જ જાણીતા આગેવાનો નિષ્ક્રિય રહે કે નારાજ રહે તેવુ કોઈપણ રીતે ચલાવી લેવા માંગતો નથી. તેથી જ સંગઠનમાં થયેલી નિમણુંકોમાં જુના આગેવાનોને યોગ્ય સ્થાન આપીને પક્ષની અંદર જ તે સંકેત આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે પક્ષ કઈ જુના આગેવાનોને ભુલી ગયો નથી કે તેમને કોરાણે પાડી દીધા નથી. પક્ષ માટે આ આગેવાનો હજુ આઉટ ઓફ ડેટ થયા નથી. પક્ષને હજુ પણ તેમના અનુભવની જરૂર છે. આ નિમણુંકો અને જુના આગેવાનોને આપવામાં આવેલુ મહત્વ તે છાપ ભુંસવાનો પ્રયત્ન છે કે ગુજરાત ભાજપમાં કોંગ્રેસમાંથી આવેલા નેતાને વધુ મહત્વ આપવામાં આવે છે. થોડા વરસો અગાઉ તો એવી કીવદંત્તી થઈ ગઈ હતી કે ભાજપ સંગઠનમાં કે સરકારમાં મહત્વનો હોદ્દો જોઈતો હોય તો કોંગ્રેસમાંથી જાવ, કોંગ્રેસમાં હોવ તો ભાજપમાં ઝડપથી એન્ટ્રી અને પદ પણ મળી જશે. હવે પક્ષ આ પ્રકારની માન્યતાથી પોતાને દુર કરવાનો પ્રયત્નશીલ છે. આ ઉપરાંત લાંબા સમયથી નિમણુંકો થઈ ન હોવાના લીધે સંગઠનની અંદર કાર્યકરોમાં પણ અસંતોષ છે. કાર્યકરોને લાગી રહયુ છે કે તેમની રજુઆતો ધ્યાન પર લેવાઈ નથી. તેમની વાતો સાંભળવામાં આવી રહી નથી, તેમના જ આગેવાનોને જાણે ગણવામાં આવી રહ્યા નથી. તેમને હાંસિયે ધકેલાઈ દેવાયા છે. આ સંજોગોમાં અમારૂ રણીધણી કોઈ નથી. અમને દિશા આપનારૂ કોઈ નથી. આ બધી વાતની સુધ નવા પક્ષ પ્રમુખે તેમની નિમણુંક પછી રાજયના જુદા જુદા શહેરોના ખેડેલા પ્રવાસ દરમિયાન મેળવી હતી. તેમણે પક્ષના કાર્યકરો સાથે તળીયાની સુધ મેળવી લીધી હતી અને રાજયના પ્રવાસ પછી પક્ષની સ્થિતિની માહિતી મેળવીને તેમણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને વર્તમાન સ્થિતિ અંગે માહિતગાર કર્યા હતા. તેના પછી આગામી ચુંટણી માટે પક્ષે હવે જુના જોગીઓને લઈને નવા પ્રયોગ સાથે કામ કરવાનો પ્રારંભ કર્યો છે. અહીં સંગઠન અને સરકાર વચ્ચે સારામાં સારો તાલમેલ લાવવા પર ભાર મુકવામાં આવ્યો છે.

જો કે આ અંગે ભાજપના જ આગેવાનોને પુછવામાં આવતા તેમણે જણાવ્યુ હતુ કે પક્ષમાં કસુ નવુ જુનુ હોતુ જ નથી, પક્ષમાં સમયાંતરે ફેરફાર થતા જ રહે છે,પક્ષના કાર્યકર અને નેતાની ભુમિકા મુજબ તેમને જવાબદારી સોંપવામાં આવે છે. કયો આગેવાન પક્ષની કઈ ભુમિકામાં ફીટ થાય છે તે પક્ષ નકકી કરે છે. કોઈ આગેવાન નકકી કરતો નથી, તમે ભાજપને જોતા આવ્યા હશો તો જોઈ શકશો કે અહીં નેતૃત્વ સતત પરીવર્તન શીલ હોય છે. અને આ જ એકમાત્ર પક્ષ છે, જયાં કાર્યકર નેતા બની શકે છે અને સંગઠનમાં તેની કુનેહના આધારે તે પીએમ પદ સુધી પણ પહોચી શકે છે. જયારે રાજકીય સમીક્ષકોનુ માનવુ છે કે આગામી ચુંટણી પૂર્વે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની આક્રમકતાને ખાળવાનો અને પક્ષમાં નવેસરથી પ્રાણ ફુંકવાનો આ પ્રયાસ છે. તેથી આગામી સ્થાનિક સ્વરાજયની જ નહી પણ આગામી વરસે યોજાનારી વિધાનસભા ચુંટણીને પણ આજ વ્યુહ રચનાથી લડી શકાય. જુના જોગીઓ અને નવા આગેવાનો વચ્ચે સમન્વય સાધીને ચુંટણી જંગ જીતવો તે જ પક્ષનુ ધ્યેય છે.

# ધવલસિંહ ઝાલાની આગાહી થી ભાજપમાં સન્નાટો મંત્રીઓ પણ સુરક્ષિત નથી? આગામી ચુંટણીમાં અનેક ધારાસભ્યોના પતંગ કપાશે : ઝાલા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં જયારે આકાશમાં પતંગોના પેચ લાગી રહ્યા છે ત્યારે રાજયના રાજકીય આકાશમાં પણ નેતાઓ વચ્ચે શાબ્દિક પતંગ યુધ્ધ જામ્યુ છે. મકરસક્રાંતિના પર્વ પર એક તરફ અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ સત્તાધારી પક્ષ ભાજપ ની આંતરીક ખેંચતાણ પર મોટા ધડાકા કર્યા છે, તો બીજી તરફ વલસાડના સાંસદ ધવલ પટેલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે.



ગાંધીનગરમાં પતંગોત્સવ દરમિયાન બાયડના અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ભાજપના આંતરીક રાજકારણ પર સુચક નિવેદન આપ્યુ હતું. તેમણે કટાક્ષ કરતા કહ્યુ હતુ કે ગુજરાતના રાજકીય આકાશમાં ભાજપમાં અંદરો અંદર જ પેચ લાગ્યા છે, ભાજપરૂપી ધાબુ મોટુ થઈ ગયુ છે, એટલે પતંગ ચગાવનારાઓની સંખ્યા વધી ગઈ છે. પરીણામે એક બીજાના પતંગ કાપવાની હરીફાઈ ચાલી રહી છે. ધવલસિંહ વધુમાં ઉમેર્યુ હતુ કે સહકારી ક્ષેત્રમાં પણ ભાજપમાં આંતરીક સ્પર્ધા ચરમસીમાએ છે. જો સ્થાનિક નેતૃત્વ ગ્રાઉન્ડ લેવલ પર ધ્યાન નહી આપે તો આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપના પતંગને નુકશાન થઈ શકે છે. આવનારી ચુંટણીઓ અંગે ભવિષ્યવાણી કરતા ધવલસિંહે કહ્યુ હતુ કે આગામી સમયમાં ભાજપના કેટલાય ધારાસભ્યોના પતંગ કપાવવાના છે. એટલુ જ નહી મંત્રી મંડળના વિસ્તરણ બાદ જે નવા પતંગો ઉડયા છે તે પણ સુરક્ષિત નથી. ચુંટણી બાદ કેટલાક મંત્રીઓના પતંગ પણ બદલાઈ શકે છે. તેમણે વિપક્ષ અંગે વાત કરતા કહ્યુ કે કોંગ્રેસનો પતંગ નીચે જઈ રહ્યો છે. જયારે આમ આદમી પાર્ટીનો ગ્રાફ ધીમે ધીમે ઉંચે જઈ રહ્યો છે.

તો બીજી તરફ વલસાડમાં સાંસદ ધવલ પટેલે પતંગ ચગાવવાની મજા માણતા વિપક્ષ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પોતાનો પતંગ સ્થિર અને ઉંચો ઉડતો જોઈને તેમણે કહ્યુ કે જે રીતે મારો પતંગ સ્થિર છે તેવી જ રીતે ભારતીય જનતા પાર્ટીનો વિકાસરૂપી પતંગ દાયકાઓથી ગુજરાતમાં અડીખમ છે અને આવનારા વરસોમાં વધુ ઉંચાઈએ પહોચશે. કોંગ્રેસ પર કટાક્ષ કરતા ધવલ પટેલે કહ્યુ હતુ કે જે પતંગો ઉતાવળમાં દિલ્હી કે ઈટલી થી ચગાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને જેઓ માત્ર આંધળો વિરોધ કરવામાં વ્યસ્ત છે તેઓના પતંગ ખરાબ રીતે કપાવવાના છે. ચાહે તાલુકા પંચાયત હોય કે ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી, જનતા પીએમ મોદીના નેતૃત્વમાં જ વિશ્વાસ મુકશે.

### તંત્રની રહેમનજર હેઠળ ભૂમાફિયાઓ સક્રિય : સરકારની તિજોરીને લાખોનું નુકસાન

# નદાણનાં ગામના તળાવમાં સફેદ માટીનું ગેરકાયદે ખનન: માટી ચોરી કરી ફામ હાઉસ સપ્લાય થતી હોવાની રાવ



કડી - દેલા ,

મહેસાણા જિલ્લાના કડી તાલુકાનાં ગામ નદાણનાં વાણિયા બંધ તળાવ માંથી લાખો ટન સફેદ માટીની ખનિજ માફિયા દલાભાઈ મફાભાઈ દ્વારા રોયલ્ટી પાસ વગર JCBકડી મશીન થી ખોદાણ કરી કરવામાં આવી રહી છે..ત્યારે કડીના નદાણ ગામે તંત્રની શંકાસ્પદ નિષ્ક્રિયતા ઉડીને આંખે વળગે છે.

નદાણનાં ગામના વાણિયા બંધ તળાવમાં છેલ્લા ઘણા મહિનાથી ભૂમાફિયાઓ દ્વારા રાત્રિના સમયે JCB મશીન વડે સફેદ માટીનું ગેરકાયદે ખનન કરવામાં આવી રહ્યું છે.

મહેસાણા જિલ્લાના તાલુકા કડી નાં ગામ નદાણમાં તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે અધિકારીઓની મિલીભગત હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ ગેરકાયદે ખનનથી પ્રકૃતિ અને રાજ્ય સરકારની તિજોરીને મોટું નુકસાન પહોંચી રહ્યું છે. સ્થાનિકોની માંગ છે કે નદાણ ગામના તળાવમાં ચાલતી આ ખનિજ ચોરી તાત્કાલિક અટકાવવામાં આવે અને જવાબદારો સામે કડક પગલાં ભરવા અરજી કરીને માગણી કરવામાં આવી છે.

# વાવ થરાદ જિલ્લાના પ્રભારી સચિવની કરાઈ નિમણુંક : આઈએએસ એમ નાગરાજનને પ્રભારી સચિવ બનાવાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા વહિવટી તંત્રને વધુ ગતિશીલ અને કાર્યક્ષમ બનાવવા માટે એક મહત્વપૂર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા ઓર્ડર મુજબ આઈએએસ અધિકારી એમ નાગરાજનને વાવ થરાદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકેની નિમણુંક કરવામાં આવી છે. એમ નાગરાજન ગુજરાત કેડરના અનુભવી અને બાહોશ આઈએએસ અધિકારી છે, તેઓ ટેકનોલોજી અને ડીઝીટલ ગવર્નન્સ માં ઉંડી રૂચી ધરાવે છે. અને અગાઉ અનેક મહત્વના વિભાગોમાં પોતાની સેવાઓ આપી ચુકયા છે. તેઓ સાબરકાંઠા જિલ્લામાં ડીડીઓ તરીકેની પણ ફરજ બજાવી ચુકયા છે. તેમની કાર્યશૈલી હંમેશા પરીણામલક્ષી રહી છે, જેને ધ્યાનમાં રાખીને સરકારે તેમને આ સંવેદનશીલ અને વ્યુહાત્મક રીતે મહત્વના વિસ્તારની કમાન સોંપવામાં આવી છે. વાવ અને થરાદ પંથક રાજસ્થાનની સરહદે આવેલા છે. આ વિસ્તારોમાં નર્મદા કેનાલ, ખેતી અને સ્થાનિક વહિવટને લગતા પ્રશ્નો સતત ચર્ચામાં રહેતા હોય છે. પ્રભારી સચિવ તરીકે એમ નાગરાજન હવે આ વિસ્તારોમાં ચાલતી સરકારી યોજનાઓનુ સીધુ નિરીક્ષણ કરશે, તેઓ જિલ્લા કલેકટર અને સ્થાનિક વહિવટી તંત્ર સાથે સંકલન સાધીને વિકાસ કામોને વેગ આપવાનુ કાર્ય કરશે.

સામાન્ય વહિવટ વિભાગના આ આદેશ બાદ હવે વાવ થરાદ ના વિકાસના પ્રોજેકટમાં ઝડપ આવવાની અપેક્ષા છે. ખાસ કરીને ગ્રામિણ વિકાસ અને સરકારી નીતિઓના અમલીકરણમાં આવતી અડચણો દુર કરવા માટે પ્રભારી સચિવની ભુમિકા નિર્ણાયક સાબિત થશે. આગામી સમયમાં જયારે આ વિસ્તારોમાં વિવિધ વિકાસલક્ષી કામોનુ આયોજન છે ત્યારે એમ નાગરાજનની નિમણુંક વહિવટી દ્રષ્ટીએ માસ્ટર સ્ટ્રોક માનવામાં આવી રહી છે.

# આજથી ધોરણ ૯ થી ૧૨ માં પ્રથમ પ્રિલીમ અને દ્વિતિય કસોટી શરૂ: મકરસક્રાંતિ બાદ વિદ્યાર્થીઓનુ ટેન્શન વધ્યુ



પ્રતિનિધિ,ગાંધીનગર

મકરસક્રાંતિના તહેવારને પુરા થયાને હજુ ૪૮ કલાક પણ નથી થયા ત્યાં જ ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ આજથી શરૂ થતી પ્રિલીમ પરીક્ષા તથા દ્વિતિય કસોટીની તૈયારીમાં લાગી ગયા છે. તૈયારી માટે હવે માત્રગ ગણતરીના કલાકો બાકી છે અને તેથી વિદ્યાર્થીઓમાં તેનુ ભારે ટેન્શન જોવા મળે છે. ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓની પ્રથમ પ્રિલીમ અને દ્વિતિય કસોટીની આ પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ માં લેવાનારી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા પહેલાની મહત્વની પરીક્ષા ગણવામાં આવતી હોય છે. બોર્ડની મુખ્ય પરીક્ષા માટે કેવી રીતે તૈયારી થઈ છે ? તેનો અંદાજ આ પરીક્ષામાંથી મળતો હોય છે, જો કે વિદ્યાર્થીઓ કહે છે કે તહેવારના ૪૮ કલાક બાદ આ પ્રકારે પરીક્ષાનુ શેડયુલ ગોઠવવાનુ યોગ્ય નથી. જો ઉત્તરાયણ પહેલા પરીક્ષા લઈ લેવામાં આવી હોત તો તે વધુ સારૂ રહેત,

તો બીજી તરફ ધોરણ ૩ થી ૮ ની બીજા સત્રની ત્રિમાસિક કસોટી આગામી તારીખ ૨ ફેબ્રુઆરી થી શરૂ થશે અને તેમાં શાળાઓમાં તારીખ ૧૫ જાન્યુઆરી સુધીમાં જે કંઈ ભણાવવામાં આવ્યુ હશે તે કોર્સમાંથી પ્રશ્નો પુછાશે, તારીખ ૨ ફેબ્રુઆરી થી શરૂ થનારી ત્રિમાસિક કસોટી તારીખ ૧૪ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. ૪૦-૪૦ માર્કસના દરેક વિષયના પેપર રાખવામાં આવશે અને લર્નિંગ આઉટ કમ્સ પર વધુ ભાર મુકવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ આ બંને પરીક્ષાઓ બોર્ડની મુખ્ય પરીક્ષા પહેલાની નેટ પ્રેકટીસ જેવી છે અને તેથી બોર્ડની પરીક્ષા પહેલા શું કરવાનુ રહેશે ? તેનો અંદાજ આ પરીક્ષામાંથી મળી જશે તે જોતા આ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે ઘણી મહત્વની છે.

# શિક્ષણ વિભાગ હવે બન્યો પેપરલેસ : ડીઈઓ કચેરીને તમામ ફાઈલો ઈ- સરકારથી મોકલવા કડક આદેશ




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની તમામ જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) કચેરીઓના વહિવટમાં આમુલ પરીવર્તન લાવવા માટે કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા કડક આદેશ જારી કરવામાં આવ્યો છે. ડીઝીટલ ઈન્ડીયાના અભિગમને વેગ આપતા હવેથી શિક્ષણ વિભાગની તમામ કામગીરી પેપરલેસ કરવામાં આવશે. આજે ગુરૂવારથી કોઈપણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી જો કોઈ પત્ર કે ફાઈલ હાર્ડ કોપી માં મોકલશે તો તેનો સ્વીકાર કરવામાં આવશે નહી. રાજય સરકાર દ્વારા તમામ સરકારી કચેરીઓને સંકલીત ઈલેકટ્રોનીક ફાઈલ સિસ્ટમ થી જોડવા માટે ઈ સરકાર પોર્ટલ શરૂ કરવામાં આવ્યુ છે. શિક્ષણ વિભાગમાં આ સિસ્ટમનો ઉપયોગ વધારવા માટે અગાઉ અનેકવાર સુચનાઓ અપાઈ હતી. પરંતુ તેનો સંપૂર્ણ અમલ થઈ શકયો ન હતો. પરીણામે કમિશ્નર શાળાઓની કચેરીએ હવે નમ્રતા છોડીને આકરી ચેતવણી આપી છે. પત્રમાં સ્પષ્ટ જણાવાયુ છે કે આજથી તમામ વહિવટી પ્રક્રિયા ઓનલાઈન જ ચલાવવાની રહેશે. નવી સુચના મુજબ જો કોઈ જિલ્લા શિક્ષણાધિકારી હાર્ડ કોપી માં ફાઈલો મોકલવાનો આગ્રહ રાખશે અથવા ઓનલાઈન સિસ્ટમમાં વિલંબ કરશે તો તેમની સામે શિસ્તભંગના પગલા લેવા માટે રાજય સરકારને ભલામણ કરવામાં આવશે. આ નિર્ણય થી ફાઈલોની હેરાફેરીમાં થતો સમય બચશે અને સરકારી કામગીરીમાં વધુ પારદર્શિતા આવશે, હવે જિલ્લા કચેરીઓએ પત્રો સ્કેન કરી ઈ ફાઈલ બનાવીને જ મુખ્ય કચેરીને મોકલવાની રહેશે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદમાં વાડી ગામના રહેવાસીઓ સાથે પતંગ ઉડાડીને ઉત્તરાયણની ઉજવણી કરી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઈ કાલે બુધવારે અમદાવાદના ઐતિહાસિક દરીયાપુર વિસ્તારમાં વાડી ગામના સ્થાનિક રહેવાસીઓ સાથે મકરસક્રાંતિની ઉજવણી કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજયના તમામ નાગરીકોને મકરસક્રાંતિની શુભેચ્છાઓ પાઠવી અને સુખ શાંતિ અને સમૃધ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

જેમ પતંગ આકાશમાં ઉડે છે તેમ ગુજરાત પણ વિકાસની નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીએ વાડી ગામમાં મુળજી પારેખના પોળ પર પતંગ ઉડાડીને ઉત્સવનો આનંદ માણ્યો હતો. સ્થાનિક લોકો મુખ્યમંત્રીને તેમની વચ્ચે જઈને ખાસ ઉત્સાહીત થયા હતા. સ્થાનિક લોકો મુખ્યમંત્રીને તેમની વચ્ચે જઈને ખાસ ઉત્સાહીત થયા હતા. પોળના રહેવાસીઓએ ઉત્સાહપૂર્વક મુખ્યમંત્રીનુ તેમના ધાબા પરથી સ્વાગત કર્યુ હતું. મુખ્યમંત્રીએ શુભેચ્છાઓ સ્વીકારી અને બધાનો ઉત્સાહ વધાર્યો હતો. આ મહોત્સવમાં મુખ્યમંત્રી સાથે અમદાવાદના સાંસદ દિનેશ મકવાણા, દરીયાપુરના ધારાસભ્ય કૌશિક જૈન, સ્થાનિક કાઉન્સિલરો અને રાજકીય નેતાઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી સાથે પતંગ ઉડાવવાની તકે આ મકરસક્રાંતિ ઉજવણીને ઉપસ્થિતો અને પતંગ પ્રેમીઓ માટે યાદગાર બનાવી દીધી હતી.

# બગદાણાનો વિવાદ શમતો નથી : કોળી સમાજના ૪ યુવાનોનો આત્મવિલોપનનો પ્રયાસ



પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગર જિલ્લાના બગદાણામા છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા વિવાદે આજે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતું. જેમાં નવનીતભાઈને ન્યાય આપો ના નારા સાથે કોળી સમાજના ૪ યુવકોએ બગદાણા ધામની બહાર જાહેરમાં બોટલમાંથી જવલનશીલ પદાર્થ કાઢી આત્મ વિલોપન કરવાનો પ્રયાસ કરતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. જો કે આત્મ વિલોપન કરે તે પહેલા જ પોલીસે શૈલેષ મકવાણા અને મુન્ના કામ્બર્ડ સહિત ૪ યુવાનોની અટકાયત કરી હતી. યુવકનો આત્મવિલોપન કરવાની કોશિષ કરતો લાઈવ વિડીયો પણ વાયરલ થયો હતો.

આ અંગે કોળી સમાજના આગેવાન અને એડવોકેટ કિશન મેરે જણાવ્યુ હતુ કે આજરોજ ગુરૂવારે બગદાણા મુકામે કોળી સમાજના યુવાનો નવનીતભાઈને ન્યાય માટે આત્મ વિલોપન કરવાના હતા ત્યારે પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. કેટલાક આગેવાનોની પોલીસ તંત્ર દ્વારા અડધી રાતે ધરપકડ કરવામાં આવી હતી. તો અમુક લોકોની આગલા દિવસે ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે મારે આ પોલીસ તંત્ર ને કહેવુ છે કે તમે આટલી મોટી સંખ્યામાં કોળી સમાજના આગેવાનોની ધરપકડ કરો છો તો આ કેસમાં સાચા આરોપીની ધરપકડ કેમ નથી કરતા ? કોળી સમાજની સાથે હંમેશા અન્યાય જ કરવાનો ? આજ રોજ અમે કિધુ હતુ કે બગદાણા ધામ ખાતે આત્મવિલોપન કરશે તેમાં અમારી ટીમના બે સભ્યોએ સ્થળ પર જઈને આત્મવિલોપન કરવાનો સમ્પૂર્ણ પ્રયાસ કર્યો હતો અને તેને પોલીસ દ્વારા ફરીથી ધરપકડ કરવામાં આવી હતી.

આ બનાવમા બગદાણાના નવનીત બાલધીયા નામના કોળી યુવક પર ૮ શખ્સે ૨૯ ડીસેમ્બરે ૨૦૨૫ ના રોજ રાત્રીના હુમલો કર્યો હતો, ગંભીર રીતે ઘાયલ થયેલા નવનીત બાલધીયાએ ૧ જાન્યુઆરીએ હિરા સોલંકી સાથેની મુલાકાત બાદ કહ્યુ હતુ કે મુંબઈના એક કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ટ્રસ્ટમાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે યોગેશભાઈ સાગરના નામનો ઉલ્લેખ કર્યો હતો. જેથી મેં માયાભાઈ આહીરને ફોન કરી જાણ કરી હતી કે બગદાણાના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે કોઈ નથી, જેથી માયાભાઈએ કહ્યુ હતુ કે હું માફી માંગતો વિડીયો મોકલી આપુ છુ, તેને વિડીયો મોકલતા મેં મારા ૪-૫ મિત્રોને મોકલ્યો હતો. માયાભાઈએ માફી માંગતા તેના પુત્ર જયરાજને લાગી આવ્યુ હતુ, જેથી તેને મને ફોન કરી મળવા માટે કહ્યુ હતુ, મેં માયાભાઈને માફી માગવા માટે કહ્યુ જ ન હતુ, તેને સામેથી જ વિડીયો મોકલ્યો હતો. માયાભાઈ આહીરે માફીનો વિડીયો બનાવ્યો એટલે તેના પુત્ર જયરાજે આખુ ષડયંત્ર રચ્યુ હતું. પોલીસ મારો કેસ ડાયવર્ટ કરી રહી છે, મારી માંગ છે કે આ લોકો જયારે મને મારતા હતા ત્યારે વિડીયો કોલ કરી કોની સાથે વાત કરતા હતા, પોલીસ તેની તપાસ કરે, મળતી માહિતી મુજબ ભાવનગરના બગદાણાના કોળી યુવાન નવનીતભાઈ ઉપર થયેલ હુમલાના ચકચારી બનાવો અંગે આજે ગુરૂવારે બગદાણા ખાતે ૪ યુવાનોએ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો, જો કે યુવાનો દિવાસળી ચાંપે તે પહેલા જ પોલીસે દબોચી લીધા હતા. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ બગદાણા વિવાદમાં લાંબા સમયથી ન્યાયની માંગ કરી રહેલા કોળી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજ રોજ ગુરૂવારે ૪ યુવાનો એકાએક એકઠા થયા હતા અને ન્યાયની માંગ સાથે સુત્રોચ્ચાર કર્યા હતા, આ યુવાનો પોતાની સાથે જવલનશીલ પદાર્થ લઈને આવ્યા હતા અને આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. ઘટનાસ્થળે હાજર પોલીસ કાફલાએ યુવાનો દિવાસળી ચાંપે તે પહેલા જ તેમને દબોચી લીધા હતા. પોલીસે ચારેય યુવકોની અટકાયત કરી હતી અને પરીસ્થિતિ વધુ ન વણસે જેથી તેમને તાત્કાલીક કોઈ ગુપ્તસ્થળે ખસેડવામાં આવ્યા હતા.

# સોમનાથમાં વડાપ્રધાન મોદી અને મંત્રી કૌશિક વેકરીયાની સુચક મુલાકાત : વેકરીયાને પ્રમોશન મળે તેવી શકયતા



પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી થોડા દિવસ અગાઉ ગુજરાતના પ્રવાસે હતા તે સમયનો એક વિડીયો હાલ સોશીયલ મીડીયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. સોમનાથમાં કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદી અને મંત્રી કૌશિક વેકરીયાની ચર્ચાનો વિડીયો હાલ ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. જેમાં મંત્રી કૌશિક વેકરીયાને પ્રમોશન મળવાના સંકેતો જણાઈ રહ્યા છે. સોમનાથમાં સ્વાભિમાન પર્વ દરમિયાન આ મુલાકાત થઈ હતી. આ વાયરલ વિડીયોમાં વડાપ્રધાન મોદી મંત્રી કૌશિક વેકરીયા સાથે ચર્ચા કરતા નજરે પડયા હતા. જો કે બંને વચ્ચે શું વાત થઈ તેનો ખુલાસો થયો નથી, પરંતુ વાતચીત ઉપરથી લાગી રહ્યુ છે કે આગામી સમયમાં વેકરીયાને પ્રમોશન મળે તેવા સંકેતો દેખાઈ રહ્યા છે. પરંતુ વડાપ્રધાન મોદીની મંત્રી કૌશિક વેકરીયા સાથેની આ ચર્ચાને લઈ રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે અને અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે.

# પાટણ ધારાસભ્ય કિરીટ પટેલે કહ્યુ લંગસીયા નાખનારા ફાવશે નહી ૨૦૨૭ માં ધાબુ બદલવાનો નથી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સમગ્ર ગુજરાતમાં મકરસક્રાંતિની ધામધુમથી ઉજવણી થઈ રહી છે, ત્યારે પાટણનુ રાજકીય વાતાવરણ પણ ગરમાયુ છે, પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે પોતાની પરીવાર અને કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણની મજા માણી હતી. જો કે પતંગનો પેચ લડાવતા લડાવતા તેમણે રાજકીય વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા હતા અને પક્ષ પલ્ટાની તમામ અટકળો પર પુર્ણવિરામ મુકી દીધુ હતુ. ધારાસભ્ય કિરીટ પટેલે વર્તમાન રાજકીય સ્થિતિ પર કટાક્ષ કરતા જણાવ્યુ હતુ કે જેમ ઉત્તરાયણમાં આપણો પતંગ ઉંચે ચગે ત્યારે કેટલાક લોકો ઈર્ષ્યા થી લંગસીયા (પથ્થર કે વજન બાંધેલી દોરી) નાખીને પતંગ કાપવાનો પ્રયાસ કરે છે, તેમ રાજકારણમાં પણ આવુ જ છે, તેમણે આત્મવિશ્વાસ સાથે ઉમેર્યુ હતુ કે જો તમારી દોરી અને પતંગ મજબુત હોય તો આવા લંગસીયા નાખનારાઓથી કોઈ ફરક પડતો નથી, મારો પતંગ કયારેય કપાવવાનો નથી. છેલ્લા કેટલાક સમયથી કિરીટ પટેલ પક્ષ બદલશે તેવી ચર્ચાઓ ચાલી રહી હતી. આ અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યુ હતુ કે જયારથી હું ધારાસભ્યો બન્યો છુ ત્યાર થી મારા વિશે જાત જાતની વાતો કરવામાં આવે છે, પરંતુ કિરીટ પટેલ કોંગ્રેસમાં અડીખમ છે અને અડીખમ રહેશે, હું સ્પષ્ટ કરવા માંગુ છુ કે ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં હું મારૂ ધાબુ (પક્ષ) બદલવાનો નથી. મારૂ ભવિષ્ય કોંગ્રેસ સાથે જ જોડાયેલુ છે. ફાફડા જલેબીની લીજજત માણતા કિરીટ પટેલે આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી અંગે પણ મહત્વનુ નિવેદન આપ્યુ હતું. તેમણે કહયુ હતુ કે જેમ આપણે બજારમાં જઈને મજબુત અને સારો પતંગ પસંદ કરીએ છીએ તેવી જ રીતે આગામી ચુંટણીમાં પ્રજાનો વિશ્વાસ જીતી શકે તેવા મજબુત ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. તેમણે પાટણની જનતાનો આભાર માનતા કહ્યુ હતુ કે મતદારોએ તેમને સતત ૨ ટર્મ થી વિજેતા બનાવ્યા છે તેથી તેમનો પાયો અને ટેકેદારો મજબુત છે. અંતમાં તેમણે પાટણવાસીઓને શુભેચ્છા પાઠવતા કહયુ હતુ કે જીવનમાં સુખ દુઃખ આવે તો પણ રંગબેરંગી પતંગોની જેમ હંમેશા આનંદીત રહેવુ જોઈએ.

# ઉત્તરાયણમાં પક્ષીઓ માટે સંજીવની બની કરૂણા અભિયાન : ૯૧ ટકા ઘાયલ પક્ષીઓને મળ્યુ નવજીવન



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત રાજયમાં દર વરસે મકરસક્રાંતિના પર્વ દરમિયાન આકાશમાં ઉડતા પતંગોના દોરા પક્ષીઓ માટે જીવલેણ સાબિત થતા હોય છે. આ પક્ષીઓને તાત્કાલીક સારવાર આપી તેમનો જીવ બચાવવા માટે રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલુ કરૂણા અભિયાન વર્ષ ૨૦૨૬ માં આશીર્વાદરૂપ સાબિત થયુ છે. મળતી માહિતી પ્રમાણે વર્ષ ૨૦૨૬ ના પ્રારંભથી લઈને ઉત્તરાયણના પર્વ એટલે કે ૧૪ મી જાન્યુઆરી સુધીના ટુંકા ગાળામાં સમગ્ર ગુજરાતમાં અસંખ્ય પક્ષીઓ પતંગની ઘાતક દોરીનો શિકાર બન્યા હતા. આ અભિયાન અંતર્ગત રાજયભરમાં કુલ ૫૪૩૯ પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી. વનવિભાગ અને પશુપાલન વિભાગના સંયુકત પ્રયાસો અને તબીબોની સધન મહેનતને પરીણામે તેમાંથી ૪૯૩૭ પક્ષીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. કરૂણા અભિયાનની સૌથી મોટી સફળતા એ છે કે સારવાર હેઠળ આવેલા પક્ષીઓમાંથી આશરે ૯૧ ટકા પક્ષીઓને બચાવી લેવામાં વહિવટી તંત્રને સફળતા મળી છે. આ આંકડો દર્શાવે છે કે સમયસરની સારવાર અને અત્યાધુનિક મેડીકલ સુવિધાઓ પક્ષીઓ માટે કેટલીક મહત્વની છે. રાજય સરકાર દ્વારા દર વરસે ચલાવવામાં આવતુ આ અભિયાન માત્ર એક સરકારી કાર્યક્રમ નથી પરંતુ તે ગુજરાતની સંવેદનશીલતા અને જીવદયાનુ પ્રતિક છે. હેલ્પલાઈન નંબર ૧૯૬૨ અને ઠેર ઠેર કાર્યરત કરૂણા એમ્બ્યુલન્સ તેમજ વેટેરનરી સેન્ટરના કારણે આટલા મોટા પ્રમાણમાં પક્ષીઓના જીવ બચાવી શકાયા છે. પક્ષીઓને પાંખો મળી અને તેઓ ફરી મુકત આકાશે વિહાર કરી શકયા તે જ આ અભિયાનની સાચી સફળતા છે.